ભાજપે સ્વયં આંતરખોજ કરવાની જરૂર છે : કોંગ્રેસ

ભાજપના શ્રેણીબદ્ધ આગેવાનોએ અપમાનિત કરાતા તેમને પક્ષને છોડવો પડ્યો હતો : કોંગ્રેસના આકરા પ્રહારો જારી

અમદાવાદ, તા. ૬

કોંગ્રેસના આગેવાનો-કાર્યકરોને આવકારવા માટે થનગનાટ અનુભવતા ભાજપના આગેવાનો અને ખાસ કરીને ભાજપના મુખ્યમંત્રીએ આનાથી માત્ર ૧૦ ટકા પણ સંવેદના-સન્માનની લાગણી રાખી હોત તો અનેક પાયાના વરિષ્ઠ ભાજપ આગેવાનોએ પક્ષમાંથી વિદાય થવું પડ્યું ન હોત તેવી ટિપ્પણી કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રવક્તા ડો. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, ભાજપમાં પક્ષ કરતા વ્યક્તિની ઈજારાશાહી આજે લાંબા સમયથી ચાલી રહી છે. ભાજપના અનેક આગેવાનો કે જેઓએ પોતાનું સમગ્ર જીવન પક્ષને પાયામાંથી ઉભું કરવામાં ખર્ચી નાંખ્યું તેને પક્ષમાં માન-સન્માન આપવાને બદલે વારંવાર અપમાનિત કરવામાં આવ્યા છે જે અંગે ભાજપના પૂર્વ વરિષ્ઠ આગેવાન કેશુભાઈ પટેલ, ડો. એ. કે. પટેલ, ગોરધનભાઈ ઝડફીયા, સ્વ. આત્મારામભાઈ પટેલ અને નટુભાઈ પટેલ (મામા) સહિત અનેક આગેવાનોને વારંવાર આ બાબતને જાહેરમાં અને આરએસએસ, વિશ્વ હિન્દુ પરિષદ સહિત અનેક પ્લેટફોર્મ પર રજૂ કરી ચૂક્યા છે. ભાજપમાં પોતાના જ વરિષ્ઠ આગેવાનો સાથે ગુજરાતના ભાજપના જ સાથીદારોએ કરેલ વ્યવહાર, વાણી-વિલાસ અને ચારિત્ર્ય હનન અંગેના આક્ષેપો અંગે ભાજપે જ આંતરખોજ કરવાની વધુ જરૂર છે.

પક્ષના આગેવાનોની પક્ષ છોડવાની ઘટના અંગે કોંગ્રેસ પ્રવક્તા ડો. મનિષ દોશીએ વધુમાં જણાવ્યું હતું કે, ભાજપમાં જોડાવાનો નિર્ણય જે તે વ્યક્તિનો અંગત છે. કોંગ્રેસ પક્ષમાં એક બેઠક પર પાંચથી લઈ પંચાવન જેટલા પક્ષો આગેવાનો અને કાર્યકરોએ ટિકીટ માટે માંગણી કરી હોય ત્યારે એક જ વ્યક્તિને પક્ષ ઉમેદવારી માટે નિશ્ચિત કરે તે સ્વાભાવિક બાબત છે. પક્ષની મર્યાદા તમામ આગેવાનો-કાર્યકરોએ સમજવી આવશ્યક છે.

બાબા સાહેબ આંબેડકર નિર્વાણ દિવસ નિમિત્તે ગુરુવારે ગાંધીનગર સહિત રાજ્યભરમાં ડૉ. આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ કાર્યક્રમનાં આયોજન કરવામાં આવ્યાં હતાં.

પાટનગરવાસીઓ કહે છે

લાખ્ખો મકાનો બનાવવાની ગુલબાંગો છોડી, સરકારી આવાસોની છત સુધારો

ગાંધીનગર, તા. ૬

વિધાનસભાના હાઈ પ્રોફાઈલ ચૂંટણીજંગને લઈ રાજકીય પક્ષોએ 'ઘરના ઘર' સહિત લાખો મકાનો બાંધવાના વચનો પોકાર્યા છે. મકાનો બાંધવાની વાતને લઈ ચૂંટણી ટાણે માથે છત ઉભી કરવાનો પ્રયાસ કરતા નેતાઓના વચનો કેટલા અંશે સાર્થક થશે તે સમય જ બતાવશે. પરંતુ રાજ્યના પાટનગરમાં ચાર દાયકાના અંતે આવાસમાં રહેતા કર્મચારીઓને સલામત છત નસીબ ન થતી હોવાની વાસ્તવિકતા છાની રાખી શકાય તેમ નથી. શહેરમાં સ્થિત વિવિધ કક્ષાના સરકારી આવાસો લાંબા સમયથી કંગાળ હાલતમાં છે. આવાસ મજબુતી કરણની કામગીરીના અંતે પણ ઘણા ખરા આવાસો ભયજનક સ્થિતિમાં છે. જેના લીધે સરકારી આવાસમાં રહેતા પરિવારજનો પર મોતનો ખતરો ઝળુંબતો હોવાની ભયજનક સ્થિતિ સર્જાઈ છે.

રાજ્યનો વહીવટી દોરી સંચાર સંભાળતા પાટનગરમાં જ સળગતી સમસ્યાઓ આમ નાગરિકો માટે ડગલે ને પગલે મુંઝવણનું કારણ બની રહી છે. વિધાનસભાના આગામી પ્રતિષ્ઠાભર્યા ચૂંટણીજંગને લઈ રાજકીય પક્ષોએ પ્રજાને બે મોઢે વચનો આપી ભરમાર સર્જી દીધી છે. કોંગ્રેસ 'ઘરનું ઘર' બનાવવાની વાતે વચને બંધાયું છે. બીજી તરફ ભાજપે પણ કોંગ્રેસની જેમ પાંચ વર્ષમાં રાજ્યમાં તમામ વર્ગો માટે ૫૦ લાખ મકાનો બનાવવાનું સોહામણું વચન આપ્યું છે. ચૂંટણીટાણે મતદારોને રિઝવવા પાટનગરના આંગણેથી જ થોકબંધ ચૂંટણીલક્ષી વચનો પોકારાયા છે. બીજી તરફ વર્તમાન સ્થિતિને ધ્યાને લઈ આમ પ્રજાને મકાનોનાં સ્વપ્નો દેખાડવાની વાત ગળે ન ઉતરે તેમ હોય તેવું ચિત્ર સ્પષ્ટ થયું છે. ગાંધીનગર અસ્તિત્વમાં આવ્યું ત્યારથી લઈ અત્યાર સુધી વિવિધ ૧૫ પ્રકારની કેટેગરીના ૧૬,૪૬૬ જેટલા આવાસો બાંધવામાં આવ્યા છે. સેક્ટરોમાં અસ્તિત્વ ધરાવતા સરકારી આવાસો દાયકાઓના અંતે કંગાળ સ્થિતિમાં ભાસી રહ્યા છે. શહેરના આવાસોમાં છતમાંથી પોપડા ખરવાના સિલસિલાબંધ બનાવોના અંતે રહિશોની સલામતી જોખમાઈ છે. આવાસ મજબુતીકરણની તબક્કાવાર હાથ ધરાતી કામગીરીમાં અંતે પણ હજુ ચાલીસ ટકા જ કામ થઈ શક્યું છે. જ્યારે આ કામગીરીની ગુણવત્તા અને પૂર્ણતા સામે પણ સવાલ ઉદ્ભવે છે. વધુમાં નિકાલ હેઠળના ૧૯૦૦ મકાનોના મામલે પણ સાત વર્ષના અંતે કોઈ નિર્ણય લેવાયો નથી. પાટનગરમાં સરકારી તંત્રની આંખ સામે જ ખંડેર બનતા સરકારી આવાસો દિન પ્રતિદિન જોખમી બની રહ્યા છે. આવાસ આશ્રીત પરિવારજનોના જીવ પડીકે બંધાયા હોવાના પણ અનેક કિસ્સાઓ ધ્યાને આવ્યા છે. પરંતુ સરકારી આવાસોને મરણપથારીથી બેઠા કરવા હજુસુધી નોંધપાત્ર કામગીરી થઈ શકી નથી. પ્રતિષ્ઠાભર્યા ચૂંટણીજંગમાં ભ્રામક વચનોની ભરમાર વચ્ચે મકાનો બાંધવાનો મુદ્દો પણ બંને પક્ષો માટે કોટ બન્યો છે. ત્યારે પાટનગરના આંગણે જ ખંડેર હાલતમાં ઉભેલા સરકારી આવાસોની ભયજનક અને દયાજનક સ્થિતિ કદાચ પક્ષોએ આપેલા વચનો પાળવાની નિતીને બયાન કરે છે.

ચૂંટણી પ્રચારના અવનવા નુસખા !

ચૂંટણી નજીક આવતાં પ્રચાર માટેના અવનવા નુસખાઓ જોવા મળી રહ્યા છે. ચૂંટણી પ્રસંગે પોતાની પાર્ટીના ખેસ, ટોપી, ઉમેદવારના માસ્ક કે ટી-શર્ટ, ટોપી વગેરેનો ટ્રેન્ડ તો ચલણમાં ચાલી જ રહ્યા છે, એમાં આ વખતે ભાજપે વળી નવો નુસખો ઉમેર્યો છે. પોતાનાં સ્લોગન અને લૉગો દર્શાવતી કેક તેણે તૈયાર કરી છે, જે આકર્ષણનું કેન્દ્ર બની રહી હતી.

નરહરિ અમીન જીસીએના ઉપપ્રમુખ બને તેવી શક્યતા

અમદાવાદ, તા.૬

કોંગ્રેસ સાથે છેડો ફાડીને ભાજપમાં જોડાયેલા નરહરિ અમીનને પ્રતિષ્ઠિત ગુજરાત ક્રિકેટ એસોસીએશન (જીસીએ)માં ઉપપ્રમુખ તરીકે સામેલ કરવામાં આવે તેવી અટકળો તીવ્ર બની ગઈ છે. જો કે આ અંગે હજુ કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. આ મહિનામાં રાજ્ય વિધાનસભાની ચૂંટણી લડવા પક્ષની ટિકિટ ન મળતાં કોંગ્રેસ સાથે છેડો ફાડી દીધો હતો.

નરહરિ અમીન હવે ભાજપને વધુ જીત અપાવવા સક્રિય રીતે પ્રયાસ કરે તેવી તકો વધી ગઈ છે.

એફડીઆઈના મુદ્દે ભાજપનાં બેવડાં ધારાધોરણ છે : ગાડગીલ

અમદાવાદ, તા. ૬

સંસદમાં ભાજપની એફડીઆઈ માટેની દંભ અને ભ્રામકતાને ખુલ્લી પાડતા મહારાષ્ટ્ર કોંગ્રેસના પ્રવક્તા અને ગુજરાતના નિરીક્ષક આનંદ ગાડગીલે જણાવ્યું હતું કે, ભાજપમાં આંતરિક ખેંચતાણ ઘણી જ છે તેમજ અનેક વિટંબણામાં ભાજપ અટવાયેલ છે. ગાડગીલે વધુમાં જણાવ્યું હતું કે, ભાજપ એકબાજુ એફડીઆઈનો વિરોધ કરે છે. બીજી બાજુ ભાજપ શાસન ગુજરાતમાં એફડીઆઈને આકર્ષવા માટે અનેક ઉત્સવો અને તાયફા કરી રહ્યું છે. ભાજપ શાસિત ગુજરાતમાં ૫.૫ લાખ કરોડના એમઓયુ દ્વારા ૬.૫ લાખ નોકરીની જાહેરાત કરે છે. ખરા અર્થમાં આમાંથી માત્ર ૪ ટકા એમઓયુ પણ અમલમાં આવ્યા નથી અને રોજગારી કેટલી ઉભી થઈ તેના કોઈ સત્તાવાર આંકડા જાહેર થયા નથી. બીજા રાજ્યોની સરખામણી અને મોદી સરકારના દાવાથી પ્રતિપાદિત થાય છે કે ગુજરાતની મોદી સરકારના દાવા કેટલા પોકળ અને ગેરમાર્ગે દોરનારા છે. ગુજરાત કરતા નાના રાજ્યો આગળ છે. છત્તીસગઢ ૩.૫ લાખ કરોડના એમઓયુ અને ૩ લાખ કરોડના ઓરિસ્સા સરકારના એમઓયુ કરતા ગુજરાતમાં વધુ એમઓયુ થયાના દાવા છે. તામિલનાડુએ ૧૩ લાખ નોકરી અને મહારાષ્ટ્રમાં ૮.૫ લાખ નોકરીની તકો નવા રોકાણથી ઉદભવી છે. ભાજપ સરકારના ખોટા આર્થિક દાવાઓ અને પોકળ વચનોની માત્રને માત્ર જાહેરાતો દર્શાવી શકાય પણ વાસ્તવિક રીતે ગુજરાત સરકાર આર્થિક ક્ષેત્રે નેતૃત્વ આપવામાં નિષ્ફળ ગયું છે.

બેસણું

અમારા પૂજ્ય પિતા શ્રી **અમૃતલાલ ઇશ્વરલાલ ઝીંઝુવાડીયા** (નિવૃત્ત સેકશન અધિકારી, મહેસૂલ વિભાગ) તા. ૫-૧૨-૨૦૧૨ને બુધવારના રોજ અક્ષરનિવાસી થયેલ છે. સદ્ગતનું **બેસણું તા. ૭-૧૨-૨૦૧૨ના** રોજ **શુક્રવારે** અમારા નિવાસસ્થાને **સવારે ૯ થી ૧૧ કલાક** દરમિયાન રાખેલ છે.

નિવાસસ્થાન : પ્લોટ નં. ૧૬૮૦/૧, સેક્ટર-૫/સી, ગાંધીનગર મો. : ૯૯૭૯૯૩૬૪૬૫

કેતન એ. ઝીંઝુવાડીયા D/H.O.D. (ફોરએવર જ્વેલર્સ)
વિપુલ એ. ઝીંઝુવાડીયા (સીની. મેનેજર, હડકો)
કિરણ સંજયકુમાર આદેશરા

PUBLIC SUMMONS/NOTICE
DEBTS RECOVERY TRIBUNAL-I
(Ministry of Finance, Government of India)

O.A. No. 90/2012 | O.W. No. 404/2012

State Bank of India, ...Applicant
Vs.
Bhavesh Jivabhai Vyas & Ors. ...Defendant
1. Bhavesh Jivabhai Vyas (Defendant No. 1)
2. Jignesh Jivabhai Vyas (Defendant No. 2)

Sd/- REGISTRAR

નરહરિ અમીનના ભાજપ પ્રવેશ સમારોહ પ્રસંગે ખિસ્સાં કપાયાં

અમદાવાદ, તા. ૬

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં આજે ભાજપના પ્રદેશ કાર્યાલય ખાનપુર ખાતે નરહરિ અમીન તથા તેમના ટેકેદારોને ભાજપમાં આવકારવા યોજાયેલી એક સભામાં બે ખોફ ખિસ્સા કાતરૂઓએ લગભગ ૧૫ થી ૨૦ જણાના મોબાઈલ ફોન તથા પાકીટ ખેંચી લીધા હતા. કાર્યકરોની રેલીમાં ઘુસી આવેલા ખિસ્સા કાતરૂઓએ ભારે ભીડનો લાભ લઈ કેટલાંક પત્રકારો તથા આગેવાનોના ખિસ્સા હળવા કર્યા હતા. ભાજપના કાર્યાલયની અંદર તથા બહાર સીસીટીવી કેમેરા ગોઠવ્યા હોવાથી ભાજપના કાર્યાલય મંત્રી પરેશ પટેલ સમક્ષ સીસીટીવી કેમેરાની ફૂટેજ કાઢવા અનેક કાર્યકરો તથા પત્રકારોએ વિનંતી કરી હતી અને પરેશ પટેલ સીસીટીવી કેમેરાનું સંચાલન કરતા આઈટી નિષ્ણાતને ફૂટેજનું બારીકાઈથી નિરીક્ષણ કરવા તથા જેમના મોબાઈલ તથા પાકીટ ગયા છે તેમને પણ બનાવવા સૂચના આપી હતી.

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com